ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૮ ડીગ્રી
લઘુતમ : ૧૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૨૧

## આઈ લવ માય ગાંધીનગર



**સુરેશકુમાર ગંગારામ શાહ**
નિવૃત્ત સરકારી અધિકારી

**ગાંધીનગર ગમે**
સ્વચ્છતા અને હરિયાળીને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**
અહીંનાં નગરજનો શિક્ષિત, શાંત અને કોઈપણ પ્રકારનો વિદ્રોહ ન કરનારાં છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
ઘ-૪ ગાર્ડનમાં રોજ સવારે થતા યોગાસનની પ્રવૃત્તિ મને ગમે છે. યુવાનોને ફિટ અને ફાઈન રાખનારી સંસ્થા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની પ્રવૃત્તિઓ પણ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
નગરમાં ભાઈચારાની ભાવના કાયમ રહે અને નગર સતત પ્રગતિ કરતું રહે તેવા પ્રયાસો જરૂરી છે.

**નગર માટે હું કરી શકું**
સ્વચ્છતા માટે મારા સઘળા પ્રયત્નો આપવા તૈયાર છું.

# પાટનગરમાં ટ્રાફીક સિગ્નલ શોભાના ગાંઠીયા સમાન...!

**લાખો રૂપિયાનાં ખર્ચે ટ્રાફીક સિગ્નલ લગાડયા પરંતુ ચાલુ હાલતમાં કોઈ નસીબદારે જ જોયા હશે..! : શહેરમાં વધતા વાહનવ્યવહારને પગલે ટ્રાફીક નિયમન માટે હવે પોલીસ મુકવી પડે છે પરંતુ સિગ્નલ ચાલુ કરાતા નથી**

ગાંધીનગર, તા.૨૨

પાટનગર ગાંધીનગરમાં ધીમે-ધીમે અમદાવાદ-મુંબઈ જેવા ટ્રાફીકનો અહેસાસ ચોકકસ સમયે થવા લાગ્યો છે. જયાં કયારેય ટ્રાફીક નિયમન કરવાની જરૂરીયાત ઉભી થઈ ન હતી તે ગાંધીનગરમાં હવે ઓફીસ અવર્સ દરમિયાન ટ્રાફીક નિયમન માટે ટ્રાફીક પોલીસના પોઈન્ટ મુકવાની ફરજ પડી છે. અને હાલ પોઈન્ટ મુકીને ટ્રાફીક નિયમન કરવાનું શરૂ પણ થઈ ગયું છે. આ સ્થિતિ વચ્ચે ગાંધીનગરમાં લાખ્ખો રૂપિયાના ખર્ચે લગાડવામાં આવેલા ટ્રાફીક સિગ્નલ શોભાના ગાંઠીયા સમાન સાબિત થઈ ગયા છે.

પાટનગરના મુખ્ય માર્ગો પર અને વિવિધ સર્કલો પર કે જયાં વાહન વ્યવહાર વધુ હોય ત્યાં ચારેક વર્ષ પહેલા ટ્રાફીક સિગ્નલ લગાડવામાં આવ્યા હતા. લાખો રૂપિયાના ખર્ચે જયારે ટ્રાફીક સિગ્નલ લગાડયા હતા ત્યારે ખરેખર એટલો ટ્રાફીક પણ ન હતો કે સિગ્નલ ચાલુ કરવાની ફરજ પડે...! એટલે તે સમયે સિગ્નલ બંધ રાખવામાં આવ્યા...! થોડો સમય ટ્રાફીક સિગ્નલ ચાલુ રહ્યા પરંતુ ત્યારે કોઈ ગાંધીનગરવાસી વાહનચાલકને સિગ્નલની ટેવ જ ન હોવાથી તેનો હેતુ સાર્થક ન થયો...! હવે જયારે ખરેખર ટ્રાફીક સિગ્નલની જરૂર હોય તેવું લાગી રહ્યું છે ત્યારે એકેય સિગ્નલ ચાલુ નથી...! કદાચ કોઈ નસીબદાર જ હશે જેણે શહેરમાં લાખોના ખર્ચે લાગેલા આ સિગ્નલ ચાલુ હાલતમાં જોયા હશે...! લાખોનો ખર્ચ કરવા છતાં ટ્રાફીક નિયમન માટે પોલીસ પોઈન્ટ મુકવો પડે છે પરંતુ સિગ્નલ ચાલુ થતા નથી. હવે ઓફીસ અવર્સમાં આ સિગ્નલ ચાલુ થાય તેવી જરૂરીયાત ઉભી થવા પામી છે.



## @ગાંધીનગર

● સે-૩-એ ચેહર માતાના મંદિરના પટાંગણમાં બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન શિવકથા યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના ઘ-૨ સર્કલમાં પાણી છાંટવા માટે ઉપયોગમાં લેવાતા ટ્રેકટરની ટ્રોલી કોઈ અગમ્ય કારણોસર છેલ્લા આશરે પંદરેક દિવસથી સર્કલની પાસે રસ્તા પર જ પાર્ક કરીને મુકી રાખવામાં આવી છે. આ ટ્રોલીને કારણે વાહનચાલકોને ભારે અગવડનો સામનો કરવો પડી રહ્યો છે તથા તેનાથી અકસ્માતનો ભય પણ ઉભો થયો છે.

● ગાંધીનગરમાં ઓનલાઈન ઈકોમર્સ દ્વારા જૂના જમાનાના ચલણી સિક્કાઓ વેચવાનો ટ્રેન્ડ વધી રહ્યો છે. હાલ વિવિધ ઈકોમર્સ વેબસાઈટસ પર 'કાણી પઈ'થી માંડીને 'પાવલી' સુધીના સિક્કા રૂ. ૫૦૦થી લઈને રૂ. એક લાખ સુધીની કિંમતે વેચવાની અઢળક જાહેરાતો જોવા મળી રહી છે.

# સે-૨૪ આર્ય સમાજ ખાતેની યોગ શિબિરને પ્રોત્સાહક પ્રતિસાદ



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર એક સ્વાસ્થ્ય પ્રેમી નગરજનોનું શહેર છે. અહીં વહેલી સવારથી નગરજનો પોતાના સ્વાસ્થ્યની જાળવણી સાથે તેને વધુ બહેતર બનાવવા નિયમિત યોગ-પ્રાણાયામ-વ્યાયામ વગેરે પ્રવૃત્તિને પ્રાધાન્ય આપે છે. ગાંધીનગરના સેકટર-૨૪માં આર્ય સમાજ મંદિર સંકુલ ખાતે હાલ આર્ય સમાજ તથા પતંજલિ યોગ સમિતિના સંયુકત ઉપક્રમે યોગ શિબિરનું આયોજન કરાયું છે. અહીં પરોઢના ૫.૩૦ વાગ્યાથી સ્વાસ્થ્ય પ્રેમી નાગરિકો યોગ-પ્રાણાયામ માટે આવી પહોંચે છે અને ૭.૧૫ વાગ્યા સુધી તાલીમ મેળવે છે. અહીં પતંજલિ યોગ સમિતિના યોગાચાર્ય કાનજીભાઈ બાવરી દ્વારા સઘન યોગ-પ્રાણાયામ તથા વ્યાયામના આસનો શિખવાડવામાં આવે છે. આ સાથે સાધકોને જીવનોપયોગી આર્યુવેદ નુસ્ખાનું પણ જ્ઞાન આપવામાં આવે છે. આ યોગ શિબિરમાં દરરોજ વિવિધ પ્રકારના આર્યુવેદિક રસનું વિતરણ પણ કરવામાં આવે છે. આ યોગ શિબિરના નાગરિકોનો પ્રોત્સાહક પ્રતિભાવ સાંપડતા તેની નિયત મુદત પુરી થઈ ગઈ હોવા છતાં લંબાવાઈ છે. અને જો યોગ્ય પ્રતિસાદ મળી રહેશે તો યોગ શિબિરને નિયમિત પણે ચલાવવામાં આવશે તેવી આયોજકોએ ખાત્રી ઉચ્ચારી છે.

## રાંધેજા વિદ્યાપીઠ ખાતે એપ્રિલથી નેચરોથેરાપીસ્ટ કોર્ષનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૨૨

સ્વ. જે.જે. બજાજ નિસર્ગોપચાર કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે આગામી એપ્રિલ માસથી નેચરોથેરાપીસ્ટ (કુદરતી ઉપચાર) નો સાડા ત્રણ માસનો સર્ટીફીકેટ કોર્ષનો પ્રારંભ થશે. આ કોર્ષ કરવા ઈચ્છુક ઉમેદવાર ભાઈ-બહેનોએ તા. ૨૫ માર્ચ સુધીમાં ફોર્મ ભરવાનું રહેશે. આ કોર્ષમાં ધો-૮ પાસ તેમજ નાપાસ હોય તેવા ઉમેદવાર જોડાઈ શકે છે. સંસ્થામાં મર્યાદિત બેઠક હોવાથી વહેલા તે પહેલાના ધોરણે એડમીશન આપવામાં આવશે. કોર્ષમાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોએ વધુ માહિતિ મેળવવા કેન્દ્રનો સંપર્ક કરવાનો રહેશે તેમ રાંધેજા વિદ્યાપીઠના મુખ્ય ચિકિત્સક ડૉ. ધર્મેશ પટેલે જણાવ્યું છે.

## ગાંધીનગર તાલુકા આચાર્ય સંઘ દ્વારા તેજસ્વી તારલા અને નિવૃત્ત આચાર્યશ્રીઓનો સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર તાલુકા આચાર્ય સંઘ દ્વારા તેજસ્વી તારલા અને નિવૃત્ત આચાર્યશ્રીઓનો સન્માન સમારોહ તા. ૨૭-૨-૨૦૧૭ સોમવારના રોજ સવારે ૯ કલાકે બ્રહ્માણી કૃપા હોલ કડી કેમ્પસ, સે-૨૩ ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં અધ્યક્ષસ્થાને વલ્લભભાઈ એમ. પટેલ (પ્રેસીડેન્ટ કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર-ચેરમેનશ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગર), ઉપાધ્યક્ષ તરીકે શ્રી એસ.એમ. બારડ (મા. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગાંધીનગર), મુખ્ય મહેમાન તરીકે ડૉ. સોમાભાઈ સી. પટેલ (કેમ્પસ ડાયરેકટરશ્રી કડી કેમ્પસ-ગાંધીનગર) જયારે અતિથિ વિશેષ તરીકે શ્રી છબીલભાઈ એ. પટેલ (મંત્રીશ્રી ગુજરાત રાજય આચાર્ય સંઘ), શ્રી પ્રદિપસિંહ એમ. ચાવડા (પ્રમુખશ્રી ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘ), શ્રી ભરતસિંહ બી. બિહોલા (મહામંત્રીશ્રી ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘ) ઉપસ્થિત રહેનાર છે.

## સે-૨ પેન્શનર્સ સમાજ દ્વારા ડીજીટલ પેમેન્ટ અંગે સંવાદ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સેકટર-૨માં નિવાસ કરતાં પેશનર મિત્રોને તા. ૨૭મી ફેબ્રુઆરી સોમવારના રોજ બપોરના ૪.૩૦ કલાકે શોપીંગ સેન્ટર સામેના બગીચામાં દેના લીડ બેંક, ગાંધીનગરના સિનિયર મેનેજર અતુલભાઈ એલ. જેતાવત, ડીજીટલ પેમેન્ટ અંગેની સંપૂર્ણ માહિતી પુરી પાડશે.

આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિ તેમજ કાર્યકારી પ્રમુખ જયંતભાઈ ભટ્ટ પણ ઉપસ્થિત રહેનાર છે. તો સંસ્થાના અન્ય સેકટરના કાર્યવાહક સમિતિ સભ્યો પેન્શનરો તેમજ રસ ધરાવતા નગરજનોને સર્વશ્રી નિરંજન ઓઝા, ડી.પી.સંઘાણી, અમીધર જરદોશ દ્વારા ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

## સમદર્શન આશ્રમ ખાતે શિવરાત્રી મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

સમદર્શન આશ્રમ સેકટર-૧ ગાંધીનગર સ્થિત શ્રી કૃપાનિધી મહાદેવની વેદોકત ષોડશોષપચાર પુજા તેમજ પંચાક્ષરી મંત્ર જાપ તા. ૨૪ ફેબ્રુઆરીને શુક્રવારના રોજ શિવરાત્રી નિમિત્તે રાખવામાં આવેલ છે.

શિવરાત્રીના દિવસે સવારે ૬ થી સાંજના ૫ કલાક સુધી ઓમ નમઃ શિવાયના સામુહિક મંત્ર જાપ (ધૂન) યોજાશે. ત્યારબાદ એકાદશ દ્રવ્ય સાથે રૂદ્રાભિષેક પૂજા સહસ્ત્રનામ અર્ચના અને આરતીનું આયોજન કરાયેલ છે તો ગાંધીનગરના ભાવિક ભકતોને લાભ લેવા મંદિર પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.

# શહેરમાં ૩૨ પોલીસ કર્મચારીઓની ઘટ..!

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ અને એએસઆઈ કક્ષાનાં ૩૨૩ કર્મચારીઓની અને ૩૬ પીએસઆઈની ઘટ હોવાનું ધ્યાને આવ્યું છે. એક તરફ શહેરમાં ગુનાખોરી વધી રહી છે અને બીજી તરફ ગ્રાઉન્ટ રૂટ પર કામ કરતા પોલીસ કર્મચારીઓની જ તોતીંગ ઘટ છે. જો કે પોલીસ ભરતી પ્રક્રિયા અંતિમ તબક્કામાં હોવાથી એકાદ વર્ષમાં આ ઘટ પુરાઈ જશે તેવું સરકારનું કહેવું છે.

વિધાનસભા સત્ર દરમિયાન ધારાસભ્ય કામીનીબા રાઠોડે ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર મંજુર થયેલું પોલીસનું મહેકમ અને ખાલી મહેકમ અંગે પ્રશ્ન કરતા ચોંકાવનારી વિગત ખુલી છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં ખાલી જગ્યાઓ જોતા પોલીસના કામના ભારણનો અંદાજ લગાવી શકાય તેમ છે. ગાંધીનગર શહેરમાં કોન્સ્ટેબલથી એએસઆઈ કક્ષાના ૩૨૩ પોલીસ કર્મચારીઓ અને ૩૬ પીએસઆઈની ઘટ હોવાનું ધ્યાને આવ્યું છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૧૪, શહેરમાં ૩૨૩, કલોલ તાલુકામાં ૧૧૬, માણસા તાલુકામાં ૩ અને દહેગામમાં ૧૭ મળીને જિલ્લામાં કુલ ૪૭૩ પોલીસ કર્મચારીઓની ઘટ હોવાનું વિધાનસભાની પ્રશ્નોત્તરીમાં બહાર આવ્યું છે. જો કે સરકારના જવાબ મુજબ ભરતી પ્રક્રિયા ચાલી રહી છે. નજીકના ભવિષ્યમાં આ ઘટ પુરી કરી દેવામાં આવશે.

**કોન્સ્ટેબલથી એએસઆઈ કક્ષાના જિલ્લામાં ૪૭૩ કર્મચારીઓની ઘટ અને શહેરમાં ૩૬ પીએસઆઈની ઘટ**

# પોલિટેકનિક કોલેજ ખાતે 'ફન વિથ સાયન્સ' કાર્યક્રમ યોજાયો

**નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ અંતર્ગત આયોજન કરાયુ**



ગાંધીનગર, તા. ૨૨

ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ. સી.વી. રામનની યાદમાં તા. ૨૮મી ફેબ્રુઆરીએ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિન' તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આગામી વિજ્ઞાન દિવસને અનુલક્ષીને આજે સે. ૧૫ની વી.પી.એમ.પી. પોલિટેકનિક કોલેજ ખાતે એન્જિનીયરીંગના વિદ્યાર્થીઓ માટે 'ફન વિથ સાયન્સ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

નેશનલ સાયન્સ ડે ની ઉજવણી માટેની આ વર્ષની થીમ 'સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર સ્પેશિયલી એબલ્ડ પર્સન' રાખવામાં આવી છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત કાર્યક્રમમાં સાયન્સ સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલે વિદ્યાર્થીઓને જીવનમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણ કેળવી સફળ થવા માટેની ટીપ્સ સાથે નવી શોધો અંગે ઉપયોગી માહિતી આપી હતી. તેમણે વિવિધ પ્રયોગો દ્વારા વિદ્યાર્થીઓને વિજ્ઞાનના રહસ્યો અંગે પણ માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય આનંદભાઈ પટેલ, પ્રાધ્યાપક મનીષભાઈ પટેલ સહિત આશરે ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની સફળતા માટે સાયન્સ સેન્ટરના કો.ઓર્ડિનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ તથા વિવેક મકવાણાએ જહેમત ઉઠાવી હતી.

## શિવરાત્રી નિમિતે ઘ-૨ ખાતે મહેન્દ્ર કાકા દ્વારા નિઃશુલ્ક લીંબુ શરબતનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના ઘ-૨ સર્કલ પાસે ઉભા રહીને લીંબુ-સોડાની રેકડી ચલાવતા મહેન્દ્રકાકા દ્વારા શિવરાત્રીના પવિત્ર દિને શહેરના સિનિયર સિટીઝન માટે સવારથી સાંજ સુધી મફત લીંબુ શરબતનું વિતરણ કરવામાં આવશે. મહેન્દ્ર કાકા વર્ષોથી વર્ષમાં બે વાર શિવરાત્રી અને દેવદિવાળીના દિવસે શહેરના નાગરીકોને નિઃશુલ્ક સોડા- અને લીંબુ શરબત પીવડાવે છે. જયારે શિવરાત્રીના દિવસે સોડામાંથી થયેલી આવક ઈટલા ગામે આવેલ ગોગા મહારાજના મંદિરે દાન સ્વરૂપે આપવામાં આવશે. જયારે શહેરના નાગરીકોને શિવરાત્રીના દિવસે લીંબુ શરબતનો લાભ લેવા મહેન્દ્રકાકાએ અનુરોધ કર્યો છે.

## સંસ્કાર ગ્રુપ દ્વારા શિવરાત્રીની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨૨

સંસ્કાર ગ્રુપ દ્વારા શિવરાત્રી પર્વની ઉજવણી નિમિત્તે સરકારી શાળામાં બપોરે ૧૨ થી ૧ દરમિયાન અભ્યાસ કરતા બાળકો તેમજ વિદ્યાર્થી ભાઈ-બહેનો અને શિક્ષકગણને તેના વિશે માહિતીગાર કરવામાં આવશે તેમ સંસ્થાના પ્રમુખે જણાવ્યું છે.



વિશ્વ માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી ગાંધીનગર જિલ્લાની વિવિધ શાળાઓમાં કરવામાં આવી હતી. ચિલોડા પ્રાથમિક શાળા ખાતે પણ આ દિવસની ઉજવણીનું આયોજન કરાયું હતું. જેમાં શાળાના બાળકો માટે વિવિધ સ્પર્ધાઓ જેવી કે ચિત્ર સ્પર્ધા, જુથ ચર્ચા, વકતૃત્વ સ્પર્ધા, લોકગીત-નાટક વગેરે યોજાઈ હતી. આ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય હર્ષદભઈ પટેલે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## સે-૩ ચેહરધામ ખાતે ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર તથા મહર્ષિ આર્યુવેદિક કિલનિક અને પંચકર્મ સેન્ટર દ્વારા સે-૩-એ ચેહરધામ મંદિર ખાતે આગામી તા. ૨૬ ફેબ્રુઆરીના રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન ફ્રી મેડીકલ ચેક એપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ફિઝીયોથેરાપીસ્ટમાં ડૉ. યજ્ઞેશ ત્રિવેદી, ડૉ. હાર્દિક તલાટી, ડૉ. મેશ્વા ત્રિવેદી, ડૉ. નયના ચૌધરી, ડૉ. પરેશ વણકર સેવા આપશે. જયારે દાંત ડૉકટર તરીકે ડૉ. જીજ્ઞેશ પટેલ, આયુર્વેદીકમાં ડૉ. રાજેન્દ્ર વસૈયા અને હૌમિયોપેથીકમાં ડૉ. નિરવ ઠાકર સેવાઓ આપશે. આ કેમ્પમાં ડાયાબિટીશ, બ્લડપ્રેશર, બીએમઆઈની મફત તપાસ કરી આપવામાં આવશે. તેમજ જન્મજાત તકલીફવાળા બાળકોની તપાસ કરી આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છુક નાગરિકોએ મો. ૯૯૧૩૬ ૩૦૦૮૫ પર રજીસ્ટ્રેશન કરાવવું જરુરી છે.

## સોમનાથ મહાદેવ મંદિર ખાતે શિવરાત્રીએ મહાઆરતી યોજાશે

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા સંચાલિત સોમનાથ મહાદેવના પાટોત્સવ અને મહાશિવરાત્રિ નિમિત્તે તા. ૨૪-૨-૨૦૧૭ને શુક્રવારના દિવસે સોમનાથ મહાદેવ, સ્વામી સચ્ચિદાનંજી બ્રહ્મભવન સે-૧૬ ગાંધીનગર ખાતે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ સોમનાથ મહાદેવ મંદિરને ફુલોનો ભવ્ય શણગાર કરવામાં આવશે અને સાંજે ૭.૧૫ કલાકે ભવ્ય ધૂપ આરતી સાથે મહાઆરતી યોજાશે તેમજ રાત્રીના પ્રહરપૂજા અને ભજનનો કાર્યક્રમ રાખેલ છે. જેનો લાભ લેવા ભાવિક ભકતોને સોમનાથ સમિતીના પ્રિતેશભાઈ વ્યાસ, મહેન્દ્રભાઈ વ્યાસ અને કમલેશભાઈ ઉપાધ્યાય દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# ગાંધીનગર આસપાસ ઓવરલોડ ટ્રકોનો ધમધમાટ

**તંત્રના કડક વલણથી બંધ થયેલી આ ગેરકાયદેસર અને જોખમી પ્રવૃત્તિને પોલીસના છુપા આર્શીવાદ : માર્ગો ઉપર ખુલ્લેઆમ પસાર થતી આ ટ્રકો દ્વારા નિયમોનો છડેચોક ભંગ**

ગાંધીનગર, તા.૨૨

મકાન બાંધકામમાં ઉપયોગી એવી કપચીનું વહન કરતી ટ્રકો ક્ષમતા કરતા પણ વધુ માલની હેરાફેરી કરી રહી છે. થોડા સમય પહેલા તંત્રએ ઓવરલોડીંગ સંદર્ભે ચલાવેલ જોરદાર અભિયાનથી આ પ્રવૃત્તિ સદંતર બંધ થઈ ગઈ હતી. જે હવે ફરીથી ગાંધીનગર પંથકના માર્ગો ઉપર દેખાવા લાગી છે. વધુમાં ક્ષમતા કરતા બમણા ઉપરાંતની કપચી ટ્રકમાં ભરી તેના ઉપર કોઈ પણ જાતનું આવરણ લગાવ્યા વગર માર્ગો ઉપર કપચીને વેરણ છેરણ કરે છે જે અન્ય વાહનચાલકો માટે જીવલેણ બની શકે છે. ગેરકાયદેસર અને જોખમી આ પ્રવૃત્તિના સક્રિયપણા માટે પોલીસ જ જવાબદાર હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

ગાંધીનગર, અમદાવાદ તથા આજુબાજુના વિસ્તારોમાં મોટા પાયે કપચી સપ્લાય કરતી ટ્રકો ઓવરલોડીંગના કારણે ચર્ચામાં આવી છે. વડાગામ, ધનસુરા, વાત્રક, આંત્રોલી, રોઝડ અને તાજપુર કેમ્પની કવોરીઓમાંથી કપચી ભરીને રાજયના વિવિધ શહેરો અને વિસ્તારોમાં પહોંચાડાય છે. આ ટ્રકોને ઓવરલોડીંગ સંદર્ભે વારંવાર સુચના અને દંડનાત્મક કાર્યવાહી કરાઈ છે. જેમાં રાજય સરકારના ભૂસ્તર વિભાગ



તથા આરટીઓના કડક વલણથી ઓવરલોડીંગ પ્રવૃત્તિ સદંતર બંધ થઈ ગઈ હતી. પરંતુ હવે પાછી આ જોખમી અને ગેરકાયદેસર પ્રવૃત્તિએ માથુ ઉંચકયું છે અને ગાંધીનગરના માર્ગો ઉપર બિન્દાસ્ત ઓવરલોડીંગ ટ્રકો પસાર થઈ રહી છે.

ટ્રકોમાં કપચીના ડુંગર ભરીને નીકળતી વખતે તેના ઉપર કપડું કે તાડપત્રીનું આવરણ લગાવવું ફરજીયાત છે છતાં પણ નિયમોનો છડેચોક ભંગ કરી માર્ગો ઉપર કપચીને વેરણ છેરણ કરતી આવી ટ્રકો પોલીસના છુપા આર્શીવાદથી પસાર થઈ રહી હોવાનું વાહનચાલકોમાં ચર્ચાઈ રહ્યું છે. જેના લીધે આવી ટ્રકોની આસપાસ પસાર થતાં અન્ય વાહનચાલકોમાં પણ ભય ઉભો થયો છે. જેમાં ટ્રકમાંથી કપચી ઉડીને સીધી કાર વાહનચાલકના કાચ સાથે અથડાવાના બનાવો પણ બની ચુકયા છે તેમજ ઓવરલોડીંગ ટ્રકોના કારણે કરોડોના ખર્ચે બનેલા માર્ગો પણ જલદીથી તુટી જતા હોય છે. આ તમામ સંજોગોના કારણે આ પ્રવૃત્તિ ઉપર તંત્રની સતત દેખરેખ હતી છતાં પણ હવે પાછી આ પ્રવૃત્તિથી ફરીથી સળવળાટ પેદા થયો છે. રાજય સરકાર અને ટ્રક એસોસીએશન વચ્ચે આ મુદ્દે પણ ચર્ચાઓ થઈ હતી. જેમાં ટ્રક એસોસીએશને ઓવરલોડીંગ પ્રવૃત્તિ ન કરવા ખાત્રી આપી હતી જે અત્રે ઉલ્લેખનીય બન્યું છે.

## ચિરવિદાય

● સ્વ. ઉષાબેન વિજયભાઈ ભાવસાર